# <u>કૃષિ કચરાના પુનઃ ઉપયોગથી જમીનની ઉત્પાદકતાની જાળવણી</u>

તા. ૧૯–૫–૨૦૧૧ના રોજ ૮.૧૫ થી ૧૬.૦૦ કલાક દરમ્યાન સુકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, તરઘડીયા ખાતે કૃષિ મહોત્સવ–૨૦૧૧ દરમ્યાન મેગા ઈવેન્ટ અંતગર્ત "**કૃષિ કચરાના પુનઃ ઉપયોગથી જમીનની ઉત્પાદકતાની જાળવણી**" વિષય પર પરિસંવાદ યોજાયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. એ.એમ. પારખીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ મહેમાનો અને ખેડૂતોનું શબ્દોથી સ્વાગત કર્યુ. તેઓએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે જમીનમાં સેન્દ્રિય તત્વની ઉણપને લીધે ઉત્પાદકતા ઘટી છે અને બીજી બાજુ ખેતીનો કચરો બાળવામાં આવી રહયો છે, જેને ધ્યાનમાં રાખી આ પરિસંવાદનું ખાસ આયોજન કરવામાં આવેલ છે.

ત્યારબાદ મહેમાનોનું ફુલોથી સ્વાગત કરવામાં આવ્યું અને દિપ પ્રાગટય કરી કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું. માન. કુલપતિશ્રીના હસ્તે ખેડૂત ઉપયોગી પુસ્તિકાઓનું વિમોચન કરવામાં આવ્યું.

પ્રમુખ સ્થાનેથી માન. કુલપતિશ્રી ડો. એન.સી. પટેલ સાહેબે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું કે રાજય સરકારશ્રી દ્વારા ઉજવાતાં કૃષિ મહોત્સવનું આ સાતમું વર્ષ છે. કૃષિ મહોત્સવથી ટ્રાન્સફર ઓફ ટેકનોલોજીને લીધે કૃષિ ઉત્પાદનમાં વધારો થયેલ છે, ખેતી ખર્ચ ઘટેલ છે, આધુનિક પિયત પધ્ધતિઓ અપનાવવામાં આવે છે, નવા પાકો લેવાતા થયા, નવી જાતોનો ફેલાવો થયો, ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ આવ્યો, વગેરે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદન કરવામાં આવેલ ટ્રાયકોડર્મા અને એન.પી.વી. તેમજ તૈયાર કરવામા આવેલ પાંચ પાકોની વીસીડી  વિશે માહિતી આપી. બહેનોને ફાસ્ટ ફુડ બંધ કરવા અને સંતુલિત અને પોષક આહાર તથા કઠોળનો ઉપયોગ કરવા જણાવ્યું. છેલ્લે ખેડૂતોનેકૃષિ કચરાના પુનઃ ઉપયોગ વિશે આ પરિસંવાદમાં રજુ થનાર ખુબજ ઉપયોગી માહિતીનો લાભ લેવા જણાવ્યું.

ઉદઘાટન કાર્યક્રમના અંતમાં આ પરિસંવાદના કન્વીનર તથા પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ ડો. વી.ડી. ખાનપરાએ આભાર વિધિ કરી. ત્યાર બાદ ટેકનીકલ સેશન શરૂ કરવામાં આવી.

ટેકનીકલ સેશનમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા નીચે મુજબ પાંચ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં :

૧. ગળતિયું ખાતર અને તેની અગત્યતા
   – ડો. વી.ડી. ખાનપરા, પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૨. પાક અવશેષોના પુનઃ ઉપયોગ માટેના આધુનિક ખેત ઓજારો
   – પ્રો. એ.એચ. મેમણ, પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી અને પાવર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૩. પાકના અવશેષોમાંથી સાંદ્ર ગળતિયું ખાતર બનાવવું ?
   – ડો. કે.એન. અકબરી, સંશોધન વૈજ્ઞાનિક (સુકી ખેતી), જૂ.કૃ.યુ., તરઘડીયા
૪. અળસિયાનું ખાતર અને તેની અગત્યતા
   – ડો. બી.કે. સગારકા, પ્રાધ્યાપક, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૫. સુક્ષ્મ જિવાણુઓ દ્વારા પાક અવશેષોનું કોહવાણ
   – ડો. પી.કે. પટેલ, પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ

આ પરિસંવાદમાં ખેડૂતો, વૈજ્ઞાનિકો અને અન્ય સ્ટાફ મળી કુલ ૨૪૦ લોકો હાજર રહયાં હતાં.

# ખારી અને ભાસ્મીક જમીન સુધારણા દવારા અર્થક્ષમ પાક ઉત્પાદન

કૃષિ મહોત્સવ–૨૦૧૧ દરમ્યાન મેગા ઈવેન્ટ અંતર્ગત દવારકા, જી. જામનગર ખાતે "**ખારી અને ભાસ્મીક જમીન સુધારણા દવારા અર્થક્ષમ પાક ઉત્પાદન**" વિષય પર તા. ૨૩–૫–૨૦૧૧ ના રોજ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ તથા પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણ શાસ્ત્ર વિભાગ દવારા પરીસંવાદનું આયોજન કરવામાં આવેલ હતું. આ પરિસંવાદનું ઉદઘાટન માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. એ.એમ. પારખીયા સાહેબે કરેલ હતું તથા અતિથિ વિશેષ તરીકે માનનીય પ્રમુખશ્રી, ગ્રામ વિકાસ ટ્રસ્ટ, દવારકા, પ્રો. કેર સાહેબ ઉપસ્થિત રહેલ હતા. આ પરિસંવાદ યોજવામાં ડો. કે.એલ. જેતાણી તથા તેમની ટીમે ખુબ સાથ સહકાર આપેલ હતો. આ પરીસંવાદમાં કુલ ૨૦૦ ખેડુતોએ હાજરી આપેલ હતી. આ પરિસંવાદમાં નિષ્ણાંતો ડો. એન.બી. બાબરીયા, ડો. કે.બી. પોલરા, ડો. એ.વી. રાજાણી, ડો. આર.એલ. ડાવરીયા દવારા જુદા જુદા વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. તથા આ પરીસંવાદમાં ક્ષારયુકત જમીનના જુદા જુદા પ્રશ્નો અને તેના ઉકેલ પર ચર્ચા કરવામાં આવી હતી. ખેડુતોએ બહુ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. વધુમાં ભાગ લીધેલ દરેક ખેડુતોને પરિસંવાદનું સંપુટ આપવામાં આવ્યું હતું.

# <u>બાગાયતી પાકોમાં મલ્ચીંગ, નેટહાઉસ, પોલીહાઉસ ટેકનોલોજીનો ઉપયોગ</u>

રાજય સરકાર દ્વારા યોજાયેલ કૃષિ મહોત્સવ–૨૦૧૧ અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તથા જૂનાગઢ જિલ્લા પ્રશાસન દવારા તા.૨૭–૨૮/૦૫/૨૦૧૧ દરમ્યાન બે દિવસના કૃષિમેળાનું ઉના મુકામે આયોજન થયેલ. જેમાં તા. ૨૭/૦૫/૨૦૧૧ ના રોજ બપોરના **''બાગાયતી પાકોમાં મલ્ચીંગ, નેટહાઉસ, પોલીહાઉસ ટેકનોલોજીનો ઉપયોગ''** વિષય પરનો પરિસંવાદ યોજવામાં આવેલ. આ પરિસંવાદમાં ૧૫૦ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ જેમાં પ્રો. જે. બી. સવાણી, આચાર્ય અને ડીન, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય અને પરિસંવાદના કન્વીનર તેમજ તજજ્ઞો ડો. એ. વી. બારડ, આચાર્ય અને ડીન, કૃષિ મહાવિદ્યાલય, ડો. પી. એમ. ચૌહાણ, પ્રાધ્યાપક અને વડા, આર.ઈ. અને આર.ઈ. વિભાગ, શ્રી જે. સી. ડઢાણીયા, નાયબ નિયામકશ્રી (બાગાયત), ડો. એલ. કે. ધડુક, ડો. એમ. એન. કાપડીયા, ડો. એન. કે. ગોંટીયા, ડો. આર. એસ. ચોવટીયા તેમજ ડો. કારેથા એ સદરહું વિષયો પર ખેડુતોને સમજ આપેલ અને તેઓના પ્રશ્નોનુ નિવારણ કરેલ હતુ. સદરહું પરિસંવાદના વિષયોને આવરી લેતી પુસ્તીકાનું વિમોચન રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવેલ, જે પરિસંવાદમાં ભાગ લીધેલ તમામ ખેડુતોને વિનામૂલ્યે આપવામાં આવેલ.

# <u>સમતોલ  પશુપોષણ અને આદર્શ પશુ માવજત</u>

કૃષિ મહોત્સવ–૨૦૧૧ મેગા ઈવેન્ટ અંતર્ગત પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ દ્વારા કૃષિવિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર, જિ.સુરેન્દ્રનગર ખાતે તા. ૩૧/૦૫/૨૦૧૧ ના રોજ સવારે ૯–૦૦ થી ૫–૦૦ દરમ્યાન "**સમતોલ  પશુપોષણ અને આદર્શ પશુ માવજત**" અંગેનો એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદનું ઉદઘાટન  જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડો. એન.સી.પટેલે દિપ પ્રાગટયથી કરેલ. ત્યારબાદ તેમણે ખેડુતોને આધુનિક પશુપાલનની વૈજ્ઞાનિક પધ્ધતીઓ  અપનાવી, પશુદીઠ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી આવક વધારવા અનુરોધ કરેલ.ડો. એ.એમ. પારખિયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂ.કૃ.યુ.જૂનાગઢ, ડો. આર.આર.શાહ, આચાર્ય અને ડીનશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ, ડો. પી.એચ.વાટલીયા, કન્વીનર તથા પ્રાધ્યાપક, વેટરનરી કોલેજ, જૂનાગઢ, ડો. પી.એન. રોયચૌધરી, કન્સલ્ટન્ટ, રાજકોટ ડેરી, રાજકોટ તથા અન્ય મહાનુભવોએ પ્રસંગોચિત પ્રવચન આપેલ. આ શિબિરમાં પ્રાધ્યાપકો, પશુપાલન ખાતાનાં અધિકારીઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તાંત્રિક કર્મચારીઓ/અધિકારીશ્રીઓ તથા ૨૫૦ જેટલાં પશુપાલકો ઉપસ્થિત રહેલ હતા.

આ પરિસંવાદમાં નાના વાછરડા, વાછરડીઓ, ઉછરતાં પશુઓ તથા દૂધાળા પશુઓનું પોષણ, આરોગ્ય અને  માવજત તથા પશુઓમાં રોગનિયંત્રણ તથા  રાજય સરકારની પશુપાલકો માટે  સહાયની યોજનાઓ જેવા વિષયો પર વિવિધ વિષય નિષ્ણાંતો દવારા પ્રવચનો રાખવામાં આવેલ તથા ખેડુતો/પશુપાલકોની મુંઝવણોના ઉકેલ માટે પ્રશ્નોતરી પણ રાખવામાં આવેલ હતી. ખેડુતો/પશુપાલકોના પ્રશ્નોતરી દરમ્યાન વિષય નિષ્ણાંતોએ ઉપયોગી માર્ગદર્શન  આપવાથી પશુપાલકોએ ખુબ જ આનંદ વ્યકત કરેલ હતો. રાજકોટ જિલ્લાનાં ટંકારાના પ્રગતિશીલ પશુપાલકશ્રી  દિલીપભાઈ ખોખાણીનું આ પ્રસંગે માન. કુલપતિશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતું.